અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ,

ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી,

અરણ્ય ભવન, "એ"વીંગ, સેક્ટર-૧૦/એ, ચ-૩ સર્કલ પાસે, ગાંધીનગર.

ફોન નં-૦૭૯-૨૩૨-૫૪૧૧૮, email.dcf.fst.adm@gmail.com

---

**ક્રમાંક : મહક/૮/બ/૭૦૭૯/૨૦૨૨-૨૩** **તા.૨૧/૦૨/૨૦૨૩**

**હુકમ :**

વિષય: વનરક્ષક સંવર્ગમાંથી વનપાલ સંવર્ગમાં બઢતી આપવા બાબત.

આથી વનરક્ષક, વર્ગ-૩ સંવર્ગ ગુજરાત મુલ્કી સેવા પગાર સુધારણા નિયમો, ૨૦૧૬ના પે મેટ્રીક્ષ મુજબ લેવલ-૧ (₹૧૮,૦૦૦-૫૬,૯૦૦) ની જગ્યા ઉપર ફરજ બજાવતા Annexure-1 માં દર્શાવેલ કર્મચારીઓને વનપાલ, વર્ગ-૩ સંવર્ગ ગુજરાત મુલ્કી સેવા પગાર સુધારણા નિયમો, ૨૦૧૬ના પે મેટ્રીક્ષ મુજબ લેવલ-૪ (₹૨૫,૫૦૦-૮૧,૧૦૦) ની જગ્યા પર તદ્દન હંગામી ધોરણે બઢતી આપીને, તેઓના નામ સામે દર્શાવેલ વર્તુળના હવાલે મુકવામાં આવે છે. તેઓના નિમણૂકના હુકમો જે તે વર્તુળ કક્ષાએથી નીચે મુજબની શરતોને આધિન કરવાના રહેશે. Annexure-1 માં દર્શાવેલ વર્તુળ વાર ફાળવેલ વનપાલો ને લાગુ પડતા વન સંરક્ષક / મુખ્ય વન સંરક્ષક દ્વારા Annexure-2 માં દર્શાવેલ સંખ્યા મુજબ વિભાગ ની ફાળવણી કરવાની રહેશે

**શરતો :-**

૧/- ઉક્ત તમામ વનરક્ષકોને વનપાલ તરીકે તદ્દન હંગામી ધોરણે બઢતી આપવામાં આવે છે. તેઓની કામગીરીનુ એક વર્ષ સુધી નિરીક્ષણ કરવામાં આવશે અને જો સંતોષકારક કામગીરી જણાશે નહી તો તેઓને મૂળ વનરક્ષક સંવર્ગમાં રીવર્ટ કરવામાં આવશે.

૨/- ઉપરોક્ત બઢતી પામેલ વનરક્ષકોએ વનપાલ તરીકેની બઢતીવાળી જગ્યાએ તાત્કાલિક હાજર થવાની સુચના સાથે તાત્કાલિક છુટ્ટા કરવાના રહેશે.

૩/- સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ અને તા.૦૨/૦૭/૨૦૦૭ ના ઠરાવો અને ત્યારબાદના ઠરાવો/પરિપત્રો અનુસાર વનરક્ષક સંવર્ગમાંથી બઢતી મેળવનારે વનપાલ તરીકે બઢતી સાથે બદલીવાળી જગ્યાએ નિયત સમયમાં હાજર થવાનુ રહેશે અન્યથા તેઓ બઢતી લેવા માંગતા નથી તેમ માની તેઓએ મેળવેલ કે ભવિષ્યમાં મેળવવાના થતા ઉચ્ચતર પગાર ધોરણની માંગણી સમયે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૪/- સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીઆરએફ/૧૦૯૮/૧૪૩૨/ગ-૨ તા.૨૫/૧૧/૨૦૦૫ની જોગવાઇ મુજબ બદલીના સદરહુ હુકમ પ્રમાણે સબંધિત કર્મચારીને બઢતી-બદલીવાળી જગ્યાએ હાજર થવા માટે તાત્કાલિક છુટા કરવાના રહેશે તેમજ છુટા થયેલ કર્મચારીએ બઢતી-બદલીવાળી જગ્યાએ તાત્કાલિક હાજર થવાનુ રહેશે જો તેઓ રજા પર રહેશે તો આવી રજા બિનઅધિકૃત ગેરહાજરી તરીકે ગણવામાં આવશે

૫/- વનરક્ષક, વર્ગ-૩ થી વનપાલ, વર્ગ-૩ ની પસંદગી યાદી તૈયાર કરતા સમયે અને આખરીકરણમાં અને સમગ્ર બઢતી પ્રક્રિયા દરમિયાન નામદાર વડી અદાલતના એસ.સી.એ.૩૮૦૮/૨૦૨૧ ના ચુકાદામાં "Such petitioners who have been appointed after 16.2.2006 and before 4.6.2009 are not requirement to pass CCC Examination as per Rule 9A(3) of Government Civil Services Classification and Recruitment (General) Rules 1967 during contractual period or extended period. " ઠરાવવામાં આવેલ છે. આ સિવાય પણ જે તે કર્મચારીઓ દ્વારા નામદાર વડી અદાલતમાં દાખલ કરેલ કેસોમાં સામાન્ય વહીવટ વિભાગની સીસીસી / સીસીસી + પરીક્ષા બાબતે ઠરાવેલ નિયત સમય / નિયત સંસ્થાઓ મારફતે / નિયત જોગવાઇઓ મુજબ સીસીસી / સીસીસી + પરીક્ષા નિયત સમયમાં/નિયત સંસ્થાથી પાસ ના કરેલ હોવા છતાં તેઓની પ્રવર્તતા મૂળ તારીખથી ગણવા ચુકાદો આપેલ છે. તે અનુસાર કાર્યવાહી કરેલ છે. આ કેસો પૈકી એસ.સી.એ. કેસ નં-૩૮૦૮/૨૦૨૧ સામે સરકારશ્રીએ એલ.પી.એ. ફાઇલ કરવા નિર્ણય કરેલ જેની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. આ કેસ સિવાયના અન્ય સીસીસી કે સીનીયોરીટી બાબતના કેસોમાં પણ સરકારશ્રી કક્ષાએથી ચુકાદો સ્વીકારવા / ચુકાદો પડકારવાના નિર્ણય કરવાના થાય છે. આજની તારીખે આવા કોઇ કેસમાં સરકારશ્રી પક્ષે મનાઈ હુકમ મળેલ નથી તેથી સંબંધિત વનરક્ષકોને મૂળ હાજર તારીખ/રી-એડજસ્ટમેન્ટ મુજબ ગણતરીમાં લીધેલ છે. તેથી આવા તમામ કેસોમાં / ભવિષ્યમાં થનાર કોર્ટકેસોમાં સરકારશ્રી/અન્યો દ્વારા અપીલ થાય તો આવા ફેરફાર ના કારણે, બઢતી મેળવનાર કર્મચારીઓના બઢતી હુકમો આવા ફેરફારો / નામદાર હાઇકોર્ટના આવા કેસોમાં આવનાર આખરી ચુકાદા / સરકારશ્રી પક્ષે લેવાનાર નિર્ણયોને આધીન રહેશે. તે શરતે આ કર્મચારીઓને બઢતી આપવમાં આવે છે.

૬/- શ્રી પી.ડી.પારગી આખરી પસંદગી યાદી નં- ૩૫૬ એ માન્ય હિંદી પરીક્ષા પાસ ના હોય તેઓને સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ નં-હનપ/૧૧૬૭/ક, તા.૨૦/૦૯/૧૯૬૭ અનુસાર માન્ય હિંદી પરીક્ષા ૨(બે) વર્ષમાં પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવે છે.

૭/- સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪-૦૫-૨૦૧૬ અને તા.૧૫-૦૪-૨૦૨૧ના ઠરાવની જોગવાઇ મુજબ વિચારણામાં લીધેલ કર્મચારીઓ પૈકી કુલ-૭ (સાત) કર્મચારીઓ બઢતી માટે નિયત સી.સી.સી. પરીક્ષા સિવાયની બાકીની લાયકાતો ધરાવે છે. આ સાત કર્મચારીઓ નિયત સમયમર્યાદામાં સી.સી.સી/સી.સી.સી+ પરીક્ષા પાસ કરી તે અંગેનુ પરિણામ રજુ કરશે તો તેઓને બઢતી આપવાની થશે. આવા કુલ-૭ (સાત) કર્મચારીઓને હાલના તબક્કે બઢતી મળવાપાત્ર ના હોય વહીવટી હિતમાં તેઓની જગ્યા ખાલી રાખવાના બદલે આ ૭ (સાત) જગ્યાઓ સામે અન્ય ૭ (સાત) કર્મચારીઓને (આખરી પસંદગી યાદી નં- ૪૯૩, ૪૯૪, ૪૯૫, ૪૯૬, ૪૯૭, ૪૯૮, ૫00) આ બઢતી હુકમમાં સમાવેશ કરેલ છે. જેથી મુળ પાત્રતા/પ્રવર્તતા ધરાવતા કર્મચારી નિયમોનુસાર બઢતીપાત્ર થયેથી હાલના બઢતી હુકમમાં સમાવેશ કરેલ તેઓના જુનિયર કર્મચારીઓ ને રીવર્ટ કરવામાં આવશે. આ શરતે બઢતી આપવામાં આવે છે. જે તેઓને બંધનકર્તા રહેશે.

Chahwan

અગ્ર મુખ્ય વન સંરક્ષક

અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, રાજપીપળા.

મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ.

વન સંરક્ષકશ્રી, તમામ.

નકલ સવિનય રવાના: અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, નવા સચિવાલય ગાંધીનગર તરફ

જાણ સારૂ.

નકલ રવાના: અરણ્યભવનની તમામ શાખાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: નાયબ વન સંરક્ષક્શ્રી, તમામ તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: મદદનીશ વન સંરક્ષક્શ્રી, કા.રા.ઉ, વેળાવદર/ ભરૂચ પેટા વન વિભાગ તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના: આઇ.ટી શાખા તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધિ સારૂ.

નકલ રવાના: વહીવટી શાખા ટેબલ નં. ૬ અને ૧૩ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ : સીલેક્ટ ફાઇલે.